પૂર્વછાયો- **વળી** પરચા વડોદરે, જે પૂર્યા જગજીવન ।
અતિ અનુપમ વારતા, સાંભળજ્યો સહુ જન ॥૧॥
સતસંગીની જે શ્રીહરિ, આ સમે કરે છે સહાય ।
અતિ સામર્થી હરિ વાવરે, તે નાવે લખ્યામાંય ॥૨॥
પણ ગુણ ગાતાં ગોવિંદના, નથી આવતી મને આળસ ।
શ્રવણ દઈ સહુ સાંભળો, કહું હરિજનના જશ ॥૩॥
ભક્ત એક ભાવિક છે, ખરા તે ખતરી માંઈ ।
દુર્બળ દાસ દયાળનાં, નામ તેનું શામબાઈ ॥૪॥

ચોપાઇ- કહું તેહતણી હવે વાત, કરે ભજન બાઈ દિન રાત્ય ।
રહે ધારણામાં આઠું જામ, કરતાં થાય નહિ ઘરકામ ॥૫॥
જ્યારે આવે સમાધિથી બાર, કરે ભોજન પાન તે વાર ।
એહ દેહ રેવાનો ઉપાય, કરે ભોજન હરિ ઈચ્છાય ॥૬॥
પણ એમ થયું એક દન, કોણ આપશે વસ્ત્ર ને અન્ન ।
એવી ચિંતા કરી ચિત્તમાંઈ, બેઠી સમાધિમાં શામબાઈ ॥૭॥
કરી ધારણા જાગી છે જ્યારે, દિઠું સુંદર ભોજન ત્યારે ।
સારા મોટા રોટા રૂડી દાળ, મુખ આગે મેલી ગયા ઘાળ ॥૮॥
એમ હમેશ હરિ એ રીત્યે, આપે ભોજન બાઈને નિત્યે ।
એક દિન મણ લોટ લઈ, શાક વૃંતાકનું ગયા દઈ ॥૯॥
વળી પૂજવા ચરણારવિંદ, આપી ગયા સ્વામી સહજાનંદ ।
વળી વસ્ત્ર દીઠાં ફાટાં અંગ, આપ્યાં નવીન સારાં સોરંગ ॥૧૦॥
સર્વે આપ્યું એ સમાધિમાંઈ, લાવી પ્રકટ પ્રમાણ તે આંઈ ।
દીઠાં પગલાં ને પટ નવાં, જોઈ જન તે આશ્ચર્ય હવાં ॥૧૧॥
એમ હરિજનની ચિંતા જેહ, નિત્ય પ્રત્યે હરે હરિ તેહ ।
વળી જન એક જીવીબાઈ, કાજુ ભક્ત છે કણબીમાંઈ ॥૧૨॥
તેનો પ્રેમ જોઈ ભગવાન, આપે અહોનિશ દર્શનદાન ।
કેદિ આપી જાય છે પ્રસાદી, પુષ્પ હાર શરકરા આદિ ॥૧૩॥
વળી એકદિ આવ્યા મહારાજ, કહે ભૂખ્યા છીએ અમે આજ ।

હોય તૈયાર તે આપ્ય અન્ન, નહિતો જાશું બીજાને ભવન ॥૧૪॥
પછી કાજુ કરીતી કોદરી, જમ્યા ભૂધર તે ભાવ કરી ।
વળી બીજે દિ રોટલી ભાજી, કરી રાખીતી તૈયાર તાજી ॥૧૫॥
આવી જમ્યા તેહ અવિનાશ, પૂરી જનના મનની આશ ।
સહુ જાણે એમ સાક્ષાત, નથી સ્વપ્ન સમાધિની વાત ॥૧૬॥
જોઈ જન થયાં છે થકીત, કહે ધન્ય બાઈ તારી પ્રીત ।
વળી હરિજન કહું એક, નામ ઉમૈયાબાઈ વણિક ॥૧૭॥
તેના ઘરમાં કુસંગ ભારી, સતસંગમાં આવતાં વારી ।
હરિજનમાં જાવા ન આપે, જાય તો સહુ મળી સંતાપે ॥૧૮॥
તેને વીતિ ગયા ત્રણ દન, બાઈયે લીધું નહિ જળ અન્ન ।
પછી આવિયા દીનદયાળ, લાવ્યા ભોજનનો ભરી થાળ ॥૧૯॥
રૂડો રસ ને રોટલી તાજી, ભેળી રસમાં સાકર ઝાઝી ।
તેહ જમાડી ગયા જીવન, વળી દીધાં અલૌકિ દર્શન ॥૨૦॥
કરી અલૌકિક એહ કાજ, પછી ત્યાંથી પધાર્યા મહારાજ ।
વળી ક્ષત્રિકુળે એક બાઇ, નિત્ય બેસતી ધારણામાંઇ ॥૨૧॥
તેની સુતા પ્રેમબાઈ કહીએ, બેસે પાસે તે દેખાદેખીએ ।
તેનો ભાવ જોઈ ભગવાન, દીધાં પ્રકટ દર્શનદાન ॥૨૨॥
દેખી પાંચ વરસનું બાળ, અતિહેતે બોલાવે દયાળ ।
પછી કંઠેથી હાર ઉતારી, દીધો બાઈને દેવ મુરારી ॥૨૩॥
વળી ગજરા બાંધી બે હાથ, આપી પ્રસાદી પધાર્યા નાથ ।
તેહ હાર ને ગજરા જેહ, દીઠા પ્રકટ સહુ જને તેહ ॥૨૪॥
જોઈ આશ્ચર્ય પામિયાં જન, પછી પુછ્યું કહી ધન્યધન્ય ।
કહ્યું હાર ગજરા આ ક્યાંથી, કહે બાઇ લાવી ધ્યાનમાંથી ॥૨૫॥
દિધા હરિ કરી મને દયા, આપ્યા બ્રહ્મમોલે લાવી ઈયાં ।
ત્યારે સહુ કહે ધન્ય ધન્ય, પામી પર્ચા તું માનજયે મન ॥૨૬॥
એમ જનને જગજીવન, આપે મહાસુખ કરે મગન ।
વળી હરિજન કહું એક, નામ લક્ષ્મીબાઈ વણિક ॥૨૭॥

નકી સતસંગી નિરધાર, પ્રભુ પ્રકટમાં જેને પ્યાર ।
અતિહેત પ્રીત્ય હરિમાંઇ, પ્રભુ વિના ગમે નહિ કાંઇ ॥૨૮॥
તેનું હેત જોઇ હરિરાય, પળ એક અળગા ન થાય ।
જેજે કહે તેતે કરે નાથ, સદા પ્રેમે રહે પ્રેમીસાથ ॥૨૯॥
આપી જાય અલૌકિ પ્રસાદી, જેને ઇચ્છે ભવ બ્રહ્મા આદિ ।
આપે સુંદર જમેલ થાળ, આવી પ્રકટ પોત્યે દયાળ ॥૩૦॥
આપે સોપારી એલચી પાન, કાથો ચુનો લવિંગ નિદાન ।
એહ આદિ મુખવાસ જેહ, આપે નિત્ય પ્રત્યે હરિ તેહ ॥૩૧॥
વળી દીનબંધુ એક દિન, આપ્યાં વસ્ત્ર અનુપ નવીન ।
અન્ન વસ્ત્ર આદિ જોઇએ જેહ, આપે દયા કરી હરિ તેહ ॥૩૨॥
આપે સમાધિમાં અવિનાશ, જાગે ત્યાં રહે પોતાની પાસ ।
અલૌકિક જે વસ્તુ અનુપ, આવે આ લોકમાં તદરૂપ ॥૩૩॥
સહુ દેખીને કરે વિચાર, ધન્ય સ્વામી સમર્થ અપાર ।
આવી રીત્ય દીઠી નહિ ક્યાંઇ, જેવી રીત્ય છે સતસંગમાંઇ ॥૩૪॥
ધન્ય પ્રભુ ધન્ય અવતાર, પૂર્યા પરચાનો નહિ પાર ।
આજ જનનાં કરો છો કાજ, એવાં ન કર્યાં કેદિ મહારાજ ॥૩૫॥
એક વારતા સાંભળો વળી, સહુ થકિત થાશો સાંભળી ।
એક ભક્ત ઢુંઢુંબા દક્ષિણી, કરે ભક્તિ મહારાજની ઘણી ॥૩૬॥
તેની સુતા તે મથુરાંબાઇ, અતિ સુખી રહે સમાધિમાંઇ ।
હરિ પાસે હંમેશ તે જાય, નિત્ય દર્શન નાથનાં થાય ॥૩૭॥
જ્યારે આવે સમાધિથી બાર, કરે વારતા મોટી અપાર ।
તેતો સાંભળી સરવે જન, અતિ મનાણું આશ્ચર્ય મન ॥૩૮॥
પછી કહ્યું નરેશને જઇ, સુણી વાત જાતી નથી કઇ ।
એક પાંચ વરસની બાઇ, શી કહીએ એહની મોટાઇ ॥૩૯॥
મહા સામર્થીવાન સાક્ષાત, જઇ સાંભળોને એની વાત ।
ત્યારે રાજા કહે બુદ્ધિવાન, જઇ જોઇ આવો એનું જ્ઞાન ॥૪૦॥
આવ્યા ડાહ્યા શિયાણા ત્યાં મળી, બાઇ મુખની વાત સાંભળી ।

થયા થકિત ન શક્યા બોલી, હતું પૂછવું તે ગયા ભૂલી ॥૪૧॥
પછી કહી રાજાને એ વાત, એતો દેવ દિસે છે સાક્ષાત ।
એની સામર્થી સર્વે તે જોઈ, બોલ્યા સ્વામી બીજું નહિ કોઈ ॥૪૨॥
અમે પૂરણ પરચો પામી, આવ્યાં આંહિ અમે શિશ નામી ।
એમ દેખાડ્યો ચમતકાર, **વળી** કહું થયું બીજી વાર ॥૪૩॥
એક વણિક બાઈ અબુજ, નહિ સંત અસંતની સુજ ।
મળ્યા ગુરુ ગાફલ ગમાર, તેનો પડ્યો અંતરમાં ભાર ॥૪૪॥
તેને વહિ ગયાં વર્ષ વિશ, નાવ્યું અંતરમાં સુખ લેશ ।
પછી મથુરાંબાઈને મળી, કહી પોતાની વાત સઘળી ॥૪૫॥
વિશ વર્ષ વૈષ્ણવમાં રહી, કરી વાત ન કર્યાની કહી ।
કર્યું સર્વેમેં કલ્યાણ કાજ, શાંતિ ન મળી ન ટળી દાઝ ॥૪૬॥
હવે જેમ કહો તેમ કરૂં, જો હું સંસારસાગર તરૂં ।
ત્યારે બોલિયાં મથુરાંબાઈ, કાલ્ય વહેલી આવજ્યે તું આંઈ ॥૪૭॥
પછી આવી બાઈ બીજે દન, તેને બેસારી કરવા ભજન ।
થઈ ધારણા ને દીઠું ધામ, જેનું ગોલોક કહેવાય નામ ॥૪૮॥
દિઠાં ગોપ ગોપી ગાયો ઘણી, દિઠી શોભા વિરજા વનતણી ।
દિઠા કૃષ્ણ રાધા બહુરાણી, તેની સખિયો તે ન જાય ગણી ॥૪૯॥
એહ આદિ જોયું સર્વે ધામ, જોઈ પોતી છે હૈયાની હામ ।
પછી આવી કહી વાત એહ, સુણી સર્વે જન મળી તેહ ॥૫૦॥
કહે થઈ કૃતારથ આજ, કરી મહેર મને શ્રીમહારાજ ।
હું તો પામી છું પરચો મોટો, સત્ય સ્વામી બીજો મત ખોટો ॥૫૧॥
એમ પૂરે પરચા હમેશ, લખી ન શકે ગુણ ગણેશ ।
કહી વાત વડોદરા તણી, નથી એટલી બીજી છે ઘણી ॥૫૨॥
નથી કીધો મેં બહુ વિસ્તાર, કહી લાખ ભાગની લગાર ।
આજ સાય કરે છે શ્રીહરિ, તેતો વાત જાતી નથી કરી ॥૫૩॥
જેજે સમરે છે સહજાનંદ, તેતો પામે છે અખંડ આનંદ ।
તેનો તોલ માપ નવ થાય, તે કેમ નિષ્કુળાનંદે લખાય ॥૫૪॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પુર્યા એ નામે એકસો ને ઓગણપચાશમું પ્રકરણમ્ ॥૧૪૯॥